ફોજદારી ફરીયાદ નં- ૧૦૮/૨૦૨૨

**આરોપી નં -૪ તર્ફે આપેલ આંક-૬ ની અરજી લગત હુકમ :-**

૧) હાલના કામે તપાસ કરનાર એજન્સી ધ્વારા તપાસના અંતે આરોપી વિરુધ્ધ ગુજરાત નશાબંધી અધિનીયમ ની કલમ-૬૫ઇ, ૮૧ મુજબના આખરી અહેવાલ ( ચાર્જશીટ) રજુ રાખવામાં આવેલ છે. ઉક્ત ગુના સંદર્ભે આરોપી વિરુધ્ધ સમન્સ ઇસ્યુ કરી આરોપીને ફોજદારી કાર્યવાહી સંહીતાની કલમ-૨૦૭ ની જોગવાઇઓનુ પાલન કરી જરુરી પેપર્સની નકલ પુરી પાડવામાં આવેલ.

૨) ઉક્ત હકીકતે આરોપીના વિધ્વાન વકીલ શ્રી ધ્વારા ફોજદારી કાર્યવાહી સંહીતા ની કલમ-૨૩૯ મુજબની હાલની બીનતહોમત છોડી મુકવાની અરજી રજુ રાખેલ છે, ઉક્ત અરજી અનુસંધાને આરોપીના વકીલ શ્રી તથા ફરીયાદ પક્ષે વિ.એ.પી.પી શ્રી ને સાંભળવામાં આવેલ છે.

૩) આરોપી પક્ષે વિ.વ.શ્રી ની રજુઆત છે કે, હાલના કામે પોલીસ રુબરુ પકડાયેલ આરોપીઓ ધ્વારા પોલીસ રુબરુ હાલના આરોપી નં -૪ નાઓએ મદદગારી કરેલ હોવાનુ કથન કરેલ છે, તે સિવાય અન્ય કોઇ પુરાવો નથી, તેમજ ખોટી રીતે આરોપીને હાલના કામે સંડોવણી કરવામાં આવેલ છે, આથી બીન તહોમત છોડી મુકવા હુકમ કરવા અરજ ગુજારેલ છે.

૪) ફરીયાદ પક્ષે એ.પી.પી શ્રી ની રજુઆત છે કે, આરોપી વિરુધ્ધ ચાર્જ ફરમાવી શકાય તેટલો પુરાવો છે, અને સદર આરોપી નં -૪ નાએ અન્ય આરોપીની મદદગારી કરેલલ હોવાનો સ્પષ્ટ આક્ષેપ ચાર્જશીટમાં છે, જેથી ફરીયાદ પક્ષને આરોપી વિરુધ્ધ નો ગુન્હો પુરવાર કરવા દેવા માટે હાલની અરજી રદ કરવી જોઇએ અને હાલના આરોપી વિરુધ્ધ ચાર્જ ફરમાવવા હુકમ કરવો જોઇએ.

૫) ઉક્ત અરજી અને રજુઆત સંદર્ભે હાલના કામે ફરીયાદ હકીકત વંચાણે લેવામાં આવે તો, આરોપી નં -૧-૨ ના ત્યાં રેડ કરતા પ્રોહીબીશન મુદ્દામાલ મળી આવેલ તેમજ તે હાલના આરોપી નં -૪ ના પાસેથી મંગાવેલ હોવાનુ આરોપી નં-૧-૨ નાએ જણાવેલ હોવાનુ પોલીસ રુબરુ કથન કરેલ છે.

૬) આ ઉપરાંત હાલના કામે રજુ તમામ પુરાવો તથા સાહેદો જોવામાં આવે તો તે નીચે મુજબ છે.

**સાહેદો** :- ૧. ફરીયાદી પોલીસ કર્મચારી

૨. પંચ સાહેદ

૩. પંચ સાહેદ

૪. સાહેદ પોલીસકર્મી/ રેડીંગ પાટીના સદસ્ય

૫. સાહેદ પોલીસકર્મી/ રેડીંગ પાટીના સદસ્ય

૬. ગુનો દાખલ કરનાર પી.એસ.ઓ

૭. તપાસ કરનાર અમલદાર / રેડીંગ પાર્ટીના સદસ્ય

**દસ્તાવેજી પુરાવા** :- ૧. ફરીયાદ

૨. પંચનામુ

૭) આમ આરોપી વિરુધ્ધ નો પુરાવો જોવામાં આવે તો મુદ્દામાલ સાથે પકડાયેલ આરોપીઓને મુદ્દામાલ સાથે અટક કરવામાં આવેલ ત્યારે પોલીસને જણાવેલ કે, હાલના આરોપી પાસેથી તેઓએ મુદ્દામાલ મેળવેલ છે, ઉક્ત હકીકત સિવાય આરોપી વિરુધ્ધ અન્ય કોઇ પુરાવો નથી.

૮) વધુમાં નામદાર ગુજરાત વડી અદાલતનો Further RAJU @ RAJU GANDY ROOPCHAND KRISHNANI Versus STATE OF GUJARAT, R/CRIMINAL REVISION APPLICATION NO. 265 OF 2019 ના કામે તા. ૨૪/૦૪/૨૦૧૯ નો ચુકાદો ધ્યાને લેવામાં આવે તો સદર ચુકાદામાં નામદાર ગુજરાત વડી અદાલતે ઠરાવેલ છે કે, પોલીસ રુબરુના સહ તહોમતદારના નિવેદનને પુરાવા અધિનીયમ ની કલમ ૨૫ નો બાધ નડે છે, તેમજ આરોપી વિરુધ્ધ અન્ય કેસો નોંધાયેલા હોય તે માત્રથી હાલના કેસમાં આરોપી વિરુધ્ધ કાર્યવાહી ચલાવી શકાય નહી, સદર ચુકાદાના જરુરી પેરા-સરળતા ખાતર અત્રે નોંધેલ છે.

12. As per Section 5 of the Evidence Act, the prosecution has to collect the evidence in any proceeding of existence or non existence of every fact in issue R/CR.RA/265/2019 JUDGMENT

andof such other facts which is declared to be relevant under Section 6 to 55 of the Evidence Act and no others. In this case whatever the evidence produced with charge-sheet against the applicant-accused is only statement of co-accused, which is hit by Section 25 of the Evidence Act.

13. In the instant case on hand no material is brought out from the charge- sheet to prosecute the applicant in alleged offence except the statement of the co-accused. There is no other evidence contained in the charge-sheet. Merely because the applicant is involved in 51 similar cases he cannot be prosecuted in the present case.

14. Further, considering the contents of the application, argument advanced by the learned counsels for both the parties, record of the case, evidence submitted with charge-sheet and the ratio laid down by the Honourable Supreme Court and by this Court in above cases, it appears that charge against the accused to be groundless. The order passed by the learned trial Court is not correct, legal and proper in the eye of law. Hence, it deserve to be quash and set aside.

૯) ઉક્ત ચુકાદાના સિધ્ધાંન્તો ને લક્ષમાં રાખી હાલના કામે કેસનુ રેકર્ડ ધ્યાને લેવામાં આવે તો મુદ્દામાલ સાથે પકડાયેલ આરોપી ધ્વારા હાલના આરોપીનો મુદામાલ હોવાની હકીકત જણાવેલ તે સિવાય અન્ય કોઇ પુરાવો રેકર્ડ ઉપર નથી, વધુમાં દલીલ ખાતર પણ સદર હકીકત માની લેવામાં આવે તો પણ હાલના આરોપીને પ્રોહીબીશન મુદ્દામાલ પુરો પાડેલ હોવાના કથનો સિવાય બીજો કોઇ પુરાવો નથી. આમ સહ આરોપીના પોલીસ રુબરુના કથન આધારે હાલના આરોપીની સંડોવણી પુરવાર થતી હોવાનુ માની શકાય નહી.

૧૦) આ તબક્કે ફોજદારી કાર્યરીતી સંહીતાની કલમ-૨૩૯ વંચાણે લેવામાં આવે તો સદર કલમમાં જોગવાઇ કરવામાં આવેલ છે કે, પોલીસ રીપોર્ટ તથા તે સાથે રજુ

દસ્તાવેજોને તપાસ્યા બાદ ફરીયાદ પક્ષ તથા આરોપીને રજુઆત ની તક આપ્યા બાદ મેજીસ્ટ્રેટને જણાઇ આવે કે, કોઇ આરોપી વિરુધ્ધ નુ તહોમત આધાર વિનાનુ જણાઇ આવે તો આરોપીને બીન તહોમત છોડી મુકવાનો હુકમ કરી શકશે.

૧૧) AGHNOO NAGESIA Vs. STATE OF BIHAR 1966 AIR Page NO 119 ઉપર પ્રસિધ્ધ થયેલા ચુકાદામાં નામદાર સર્વોચ્ચ અદાલતે નોંધેલ છે કે, આરોપીએ પ્રથમ બાતમી અહેવાલ પોલીસ રુબરુ પોતે નોંધાવેલ હોય તો પણ તે કબુલાત ગણી શકાય નહી અને તે પુરવાર થઇ શકે નહી. સદર ચુકાદાના જરુરી પેરા સરળતા ખાતર અત્રે નોંધેલ છે.

IF the fires information report is given by the accused to a police officer and amounts to a confessional statement, proof of the confession is prohibited by Sec.25. The Confession includes not only the admission of the offence but all other admissions of incriminating facts related to the offence contained in the confessional statement. No Part of the Confessional Statement is receivable in evidence except to the extent that the ban of S.25 is lifted by S.27.

ઉક્ત ચુકાદાના લક્ષમાં રાખી હાલના કેસનુ રેકર્ડ જોવામાં આવે તો મુદ્દામાલ સાથે પકડાયેલ આરોપીએ પોલીસ રુબરુ કરેલ કથનના આધારે પોલીસ અધિકારીએ પ્રથમ બાતમી અહેવાલ નોંધાવેલ છે. આમ ફરીયાદ આપનાર પોલીસ અધિકારી રુબરુની આરોપીની કબુલાત ગણી શકાય વિકલ્પે ફરીયાદમાં જણાવેલ કથનોને સાંભળેલી હકીકતો ગણી શકાય. આમ સદર હકીકતો પુરાવા અધિનીયમ હેઠળના યોગ્ય પુરાવાનુ સ્થાન લઇ શકે નહી.

૧૨) RAM SINGH Vs. CENTRAL BUREAU OF NARCOTICS AIR 2011 SC 2490 ઉપર પ્રસિધ્ધ થયેલ ચુકાદામાં નામદાર સર્વોચ્ચ અદાલતે નોંધેલ છે કે, પુરાવા અધિનીયમ ની કલમ- ૨૫ પોલીસ રુબરુની કબુલાતને રેકર્ડ ઉપર લાવી શકાય નહી.

'Section 25 of the Evidence Act Makes confessonal Statement given by an accused before police officers inadmissible in evidence which cannot be brought on record by the prosecution to obtain Conviction'.

૧૩) આમ હાલના કામે આરોપી ન ૧-૨ ના મુદ્દામાલ સાથે પકડાયેલા છે ત્યારે હાલના આરોપી નં ૪ નાએ તે મુદ્દામાલ મંગાવેલ કે પુરો પાડેલ હોવાનુ કથન કરેલ છે, તે સિવાય અન્ય કોઇ પુરાવાના અભાવે હાલના ગુનામાં આરોપી નં-૪ સંડોવાયેલ હોવાનુ માની શકાય તેમ નથી, આમ માત્ર મુદ્દામાલ સાથે પકડાયેલા આરોપીના નિવેદનના આધારે હાલના આરોપી નં -૪ વિરુધ્ધ કાર્યવાહી ચલાવી શકાય નહી. વધુમાં NILESHBHAI HARISHBHAI MODI Vs. STATE OF GUJARAT R/CRIMINAL MISC. APPLICATION NO. 10189 OF 2012 ના તા.૦૭/૦૨/૨૦૨૦ ના રોજના ચુકાદામાં પણ નામદાર વડી અદાલત ધ્વારા ઉક્ત કેસમાં પ્રોહીબીશન મુદ્દામાલ મળવાના કીસ્સામાં સહ તહોમતદાર ના નિવેદન આધારે આરોપીને ગુનામાં સંડોવણી કરવામાં આવેલ તે કીસ્સામાં આરોપી વિરુધ્ધ અન્ય કોઇ પુરાવો ના હોય, આરોપી વિરુધ્ધ ની ફરીયાદો રદ કરવાનો હુકમ કરેલ. આમ ઉક્ત ચુકાદો પણ હાલના કીસ્સામાં લાગુ પડતો હોવાનુ અત્રેની અદાલતનુ નમ્ર પણ માનવુ છે.

૧૪) આમ ઉપર્યુક્ત તમામ હકીકતો અને કાયદાકીય ચર્ચા તથા ફોજદારી કાર્યરીતી સંહીતાની કલમ-૨૩૯ ની જોગવાઇઓ વંચાણે લેતા આરોપી વિરુધ્ધ કાર્યવાહી ચલાવવા પુરતા પુરાવા જણાઇ આવતા નથી. વધુમાં નામદાર વડી અદાલત તથા નામદાર સર્વોચ્ચ અદાલતના ચુકાદાઓમાં પ્રસ્થાપીત સિધ્ધાંત મુજબ સહતહોમતદારના પોલીસ રુબરુના નિવેદનના આધાર માત્રથી પણ આરોપી વિરુધ્ધ કાર્યવાહી ચલાવવા હુકમ કરવો ન્યાયોચિત જણાતો નથી.

૧૫) આમ ઉક્ત તમામ ચર્ચાઅનુસાર હાલની અરજી પરત્વે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**// હુ ક મ //**

આરોપી નં -૪ નામે જયેશભાઇ રણજીતભાઇ રાઠોડ નાઓની બીન તહોમત છોડી મુકવાની અરજી આથી મંજુર કરી આરોપી નં -૪ ને બીન તહોમત છોડી મુકવા નો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૨૯ માહે.ઓગસ્ટ સને ૨૦૨૨ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૨૯/૦૮/૨૦૨૨

પલસાણા.

જયેશ વાલજીભાઇ ચૌહાણ<br>
(યુ.આઇ.કોડ નં-જીજે ૦૧૪૩૧)<br>
જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ<br>
પલસાણા.